**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ /૫૧૨ તા. 21 OCT 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
સાદીયા હરેશભાઈ લક્ષ્મણભાઈ
રે.ડો.આંબેડકર નગર,
રાજકોટ રોડ, તા.કાલાવડ (શિતલા)
જી. :જામનગર, પીનકોડ : ૩૬૧૧૬૦ મોબાઈલ : ૯૮૭૯૫૮૧૯૦૧

**વિષય : ઘર વપરાશ કનેક્શન ન આપવા બાબત.**
**સંદર્ભે : સાદીયા હરેશભાઈ લક્ષ્મણભાઈ ની રજુઆત તારીખ: ૨૦.૦૭.૨૦૨૨**
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

**મહોદયશ્રી,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર રૂરલ**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ)**

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૫૧૨ તા. 21 OCT 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી સાદીયા હરેશભાઈ લક્ષ્મણભાઈ ગામ – કાલાવડ (શિતલા)

સબડીવીઝન: કાલાવડ (ઈસ્ટ)

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર રૂરલ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: મંગળવાર (૨૭-૦૯-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની વિજ વપરાશ કનેકશન માટેની હકીકતની વિગત નીચે મુજબ છે.

અમો અરજદાર ઉપર જણાવેલ સરનામે રહીને મજુરીકામ કરી કુટુંબ કબીલા સાથે ભાડાના મકાનમાં રહી જીવન વ્યતિત કરીએ છીએ. અમો મજુરીકામ કરતા હોવાથી અમારી આવક સામાન્ય હોય, સરકારથીની સહાયથી વાવડી રોડ પર અમારી કક્ષા મુજબ પોતાનું ઘર (આસરો) બનાવેલ છે.

[૧] આ મકાનમાં ઘર વપરાશ માટે વિજ કનેકશન મેળવવા સામાવાળા પાસે અરજદાર થતા અને તેના માટે તેના નિતિ નિયમો મુજબ જરૂરી ચાર્જ/ફી તા.૧૦-૧૨-૨૦૧૯ તથા ૮-૯-૨૦૨૦ ના રોજ ચુકવી દીધેલ છે. સાથે સાથે જરૂરી ડોક્યુમેન્ટ પણ રજુ કરેલ છે. (જુઓ રજુ રાખેલ પહોંચો)

[૨] અમો અવાર નવાર કનેકશન માટે સામાવાળા પાસે ધકકા ખાતા હતા. તો તેમના તરફથી અમોને એવો જવાબ આપવામાં આવતો હતો કે, હાલમાં માલ કે કેબલ ન હોય, આવશે એટલે કનેકશન આપી દેશું. અમારા ધ્યાનમાં જ છે.

[૩] અમો ઉપરોક્ત જવાબને સાચો માનીને કનેક્શનની રાહમાં ને રાહમાં ઘણો સમય વતી જવાથી ફરીથી સામાવાળા સમક્ષ કનેકશન માટે ધકકા ખાતા જણાવેલ કે, ભાઇ તમો ધકકા ન ખાવ અમારે તમારા એકનું જ કામ નથી. તમારો નંબર આવશે એટલે કનેક્શન આપી દઈશું.

[૪] હાલમાં ચોમાસાનો સમય હોય, જીવજંતુનો ઉપદ્રવ હોય, ફરીથી કનેકશન માટે સામાવાળા પાસે વિનંતી કરતા તેઓએ જણાવેલ કે છ માસ ઉપરનો સમય થવાથી ફરીથી કનેકશનની માગણી કરવી પડશે.

[૫] અમો મજુરીકામ કરતા હોય, તેમજ મને કોરોના થવાથી મારૂ શરીર પણ કામ કરતું ન હોય, ઘરમાં કમાનાર એક જ વ્યકિત હોય, બીજી રકમ ખર્ચ કરવા માટે હું શકિતમાન નથી.

અમો જયારે અરજદાર થયા ત્યારે જ સામવાળાએ છ માસમા કનેકશન આપ્યુ હોત તો સમય મર્યાદાનો બાધ ન આવત. જે કંઈ બન્યુ છે તે સામાવાળાના કારણે બનવા પામ્યુ છે. તેની સજા મને ન કરી શકાય. જરૂરી નિયમો તે જાણતા હોય અને તેનો ભંગ સામાવાળાએ કરેલ હોય, અમારે નાહકનું ભોગવવાનું ન હોય જેથી, ઉપરોકત વિગત મુજબ દાદ માગીએ છીએ કે, અમારા તરફથી કોઇ કાયદાનો ભંગ થયેલ ન હોય, અમોને વિજ કનેકશન સત્વરે આપવા સામાવાળાને હુકમ કરવા અમારી વિનંતી છે, આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ ઉપરોકત વિષયે જણાવવાનું કે ફરીયાદી શ્રી સાદીયા હરેશભાઇ લક્ષ્મણભાઇ, ગામ : કાલાવડ, તા. કાલાવડ, જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) ફરીયાદી નુ નામ અને | : શ્રી સાદીયા હરેશભાઇ લક્ષ્મણભાઇ |
| (સરનામુ) | : ડો. આંબેડકર નગર, રાજકોટ રોડ, કાલાવડ, તા. કાલાવડ, જીઃજામનગર |
| ૨) અરજી તારીખ | : ૦૮,૦૯,૨૦૨૦ પહોંચ નંબર ૫૦૬૯૭૪-૭૫-૭૬ રૂ. ૪૮.૦૦ |
| ૩) કેટેગરી | : ઘર વપરાશ |

આપ સાહેબને જણાવવાનુ શ્રી સાદીયા હરેશભાઇ લક્ષ્મણભાઇ, ગામ - કાલાવડની ફરીયાદ તા. ૨૦.૦૭.૨૦૨૨ મુજબ તેમણે રહેણાંહ હેતુ માટેના નવા વિજ કનેશનની માંગણી તા. ૦૮.૦૯.૨૦૨૦ માં કરેલ હતી. સદર અરજીના અનુસંધાને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર અરજદારના માંગણી વાળા સ્થળે સર્વે કરતા માલુમ પડેલ કે સદર ઘરમાં ઇલે. વાયરીંગ ન થવાના કારણે સદર અરજદાર ટેસ્ટ રીર્પોટ કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય ક્ચેરીએ રજુ કરેલ ન હોવાના કારણે નવા વિજ કનેકશન માટેની આગળની કાર્યવાહી કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા કરેલ ન હતી. ત્યાર બાદ સદર અરજદાર દ્વારા નવા વીજ કનેકશન બાબતે કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય ક્ચેરીનો સંપર્ક ન કરતા સીધા જ નામદાર ફોરમમાં નવુ વિજ કનેકશન ન અપાવા માટે ફરીયાદ કરેલ હતી. સદર ફરીયાદને આધારે કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર ગ્રાહકનો સંપર્ક કરતા તેમને સદર કનેકશન માટે જરૂરી દસ્તાવેજી પુરાવા સામેલ કરવા જણાવેલ જેથી સદર ગ્રાહકે તા. ૨૪.૦૮.૨૦૨૨ નાં રોજ ટેસ્ટ રીપોર્ટ કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરીએ રજુ કરેલ. જેના

અનુસંધાને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા નવુ વિજ જોડાણ તા.૨૬.૦૮.૨૦૨૨ નાં રોજ પ્રફોમાં નંબર ૬૬૫૩ થી રીલીઝ કરી આપેલ છે.

જેથી ફરીયાદીને સદર કામગીરી કરેલ તે બાબતે સંતોષ થયેલ હોય માટે ફરીયાદીએ ફરીયાદ બાબતે હવે કાંઇ કહેવાનુ રહેતુ ન હોય તે બાબતે સમાધાન પુરસીસથી સંમતી આપેલ છે

આમ ઉપરોક્ત ફરીયાદનુ કાયમી નીરાકારણ થયેલ છે. અને આ બાબતે હવે કોઇ આગળની કાર્યવાહી કરવાની રહેતી નીં. જે આપ સાહેબને વિદીત થાય.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે. અને તા. ૨૬.૦૮.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

**:: હુકમ ::**

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની કાલાવડ ઇસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જામનગર ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૬.૦૮.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજ્દારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન